# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, ભાવનગર શહેર

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જી૧-, એનેક્ષી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર

**E Mail Add :-** dsobhavnagarcity09@gmail.com સંપર્ક નંબર – ૦૨૭૮-૨૪૨૨૭૬૫

જા.ક્ર-જીરગઅ/ખેમકૂ/રા.ક.બા.બો/૯૨૭૨-૯૩૭૧/૨૦૧૯-૨૦ તા.૦૧/૧૧/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, (ઝોનકક્ષા આયોજકશ્રી)

અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત ગ્રામ્ય, ભાવનગર ગ્રામ્ય,

ગુજરાત રાજ્ય .

**વિષય –ખેલ મહાકુંભ ૨૦૧૯ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ ઓપન એઇઝ (ભાઈઓ) સ્પર્ધા કાર્યક્રમ.**

**સંદર્ભ – સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક -**
**એસ.એ.જી./ખેમકુ-૧૯/૨૦૧૯-૨૦ તા .૦૧/૧૧/૨૦૧૯ અન્વયે.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ ૨૦૧૯ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ ઓપન એઇઝ (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન તા. ૩૦/૧૧/૨૦૧૯ થી ૦૧/૧૨/૨૦૧૯ દરમ્યાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, રોડ, ભાવનગર ખાતે કરવામાં આવનાર છે. જે અંગેની આપના ઝોનકક્ષાએ પ્રથમ અને દ્વિતીય ટીમના ખેલાડીની સંખ્યા મુજન જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ KMK-ID સાથેની એન્ટ્રી તા.૨૦/૧૧/૨૦૧૯સુધીમાં dsobhavnagarcity09@gmail.com ઉપર ઇ-મેઈલથી અચૂક મોકલી આપવી. ઝોનકક્ષામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ ટીમના રમાનાર ખેલાડીની એલીજીબીટી કુરિયરથી અથવા સ્પીડ પોસ્ટથી તાત્કાલિક મોકલી આપવી તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## - બાસ્કેટબોલ સ્પર્ધા કાર્યક્રમ -

- **સ્પર્ધા તારીખ -તા. ૩૦/૧૧/૨૦૧૯ થી ૦૧/૧૨/૨૦૧૯**
- **સ્પર્ધા/નિવાસ/રિપોર્ટિંગ સ્થળ - સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, રોડ, ભાવનગર**
- **સંપર્ક નંબર – વિશાલ ડી. જોષી (પ્રાંત યુવા વિકાસ અધિકારી)- ૭૦૧૬૦૪૭૪૦૭**
  **ભાસ્કરભાઈ વ્યાસ (ક્લાર્ક) – ૯૦૧૬૨૦૬૭૬૪**

## ઓપન એઇઝગ્રુપ ભાઈઓ (પ્રથમ, દ્વિતીય)

| ક્રમ | વયજુથ | રિપોર્ટિંગ તારીખ | રિપોર્ટિંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ઓપન એઇઝ (ભાઈઓ) | ૩૦/૧૧/૨૦૧૯ | બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં | ૩૦/૧૧/૨૦૧૯ | બપોરે ૦૨:૦૦ કલાકે |

પાનાં નં – ૩ ઉપર

## ખાસ નોંધ:

- ઝોનકક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ ટીમે ઝોનકક્ષાની સ્પર્ધામાં જેટલા ખેલાડી ઉપસ્થિત રહી સ્પર્ધામાં ભાગ લીધેલ છે તેટલી જ સંખ્યામાં રાજ્યકક્ષાની એન્ટ્રીની મોકલવાની રહેશે.
- ઓપન એઇઝ ગ્રૂપ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીની સંખ્યા વધુમાં વધુ ૧૨ (બાર) અને સાથે ૧ (એક) મેનેજર અને ૧ (એક) કોચશ્રીએ એમ કુલ ૧૨+૨=૧૪ આવવાનું રહેશે.
- ઉત્તર ગુજરાતની ટીમોએ અમદાવાદથી ફેદરા –પીપળી-નારી ચોકડીથી આવવાનું રહેશે.
- દક્ષિણ ગુજરાતની ટીમોએ તારાપુરથી વટામણ-પીપળી-નારી ચોકડીથી આવવાનું રહેશે.
- સૌરાસ્ટ્રની ટીમોએ જે તે હેડ ક્વાટરથી સીધું ભાવનગર આવવાનું રહેશે.

## સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

1) પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે
2) ઓપન એઇજગૃપ વયજુથની તમામ ટીમોને પરિપત્ર મુજબ વ્યવસ્થા આપવામાં આવશે
3) ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોચ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઈન આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. **ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ(ઓરિઝનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મતારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.**
4) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહીં.
5) દરેક ખેલાડીએ પોતાની બેન્ક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અથવા કેન્સલ ચેક ફરજિયાત સાથે લાવવાની રહેશે .
6) કોચની ઓનલાઈન થયેલ રસીદ ફરજિયાત પણે સાથે લઈ આવવાની રહેશે અન્યથા વિજેતા થયેલ ખેલાડીના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહીં.
7) સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે.સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડીંગ સાથે લાવવું .
8) ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર/કોચે આવવાનું રહેશે અને શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રહેશે.
9) સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક પરત જવાનું રહેશે.

પાનાં નં – ૩ ઉપર

10) જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને ઓન લાઇન સ્લીપમાં જે ઇવેન્ટ દર્શાવેલ હશે તે જ ઇવેન્ટમાં ભાગ લેવા દેવામાં આવશે.

11) પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં કે ચેકથી ચૂકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.

12) મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આવવાનું રહેશે.

13) વિજેતા ખેલાડી રોકડ પુરસ્કાર ફોર્મમાં જેનું કોચ તરીકે નામં લખશે તેને જ કોચનું પુરસ્કાર મળવા પાત્ર બનશે . .કોચશ્રીની બેન્ક પાસબુકની ઝેરોક્ષ ફોર્મ સાથે રજૂ કરવાની રહેશે

14) સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે

આપનો વિશ્વાસુ

(ડૉ. અરૂણ જે.ભલાણી)
જિલ્લા રમત ગમત અધિકારી
ભાવનગર શહેર

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

૧) માન.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર.
૨) માન.ડાયટેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૩) માન.નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર.
૪) માન.કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.
૫) માન.કલેક્ટરશ્રી, ભાવનગર.
૬) માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૭) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર.
૮) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર. (સ્પર્ધા અને નિવાસ સ્થળ પર જરૂરી બંદોબસ્ત ફાળવવા બાબત)
૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
૧૦) માન. સિવિલ સર્જનશ્રી, ભાવનગર (મેદાન ઉપર ૧૦૮ની સેવાઓ પૂરી પાડવા.)
૧૧) માન. આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર. (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા વિનંતી)
૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, ભાવનગર (સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા સારૂ.)
૧૩) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, ભાવનગર ગ્રામ્ય/શહેર
૧૪) માન.સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તમામ. (ભાવનગર નિવાસ વ્યવસ્થા કરવા સારું)
૧૫) માન. હેડ કોચશ્રી /નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૯ બાસ્કેટબોલ રાજ્યકક્ષા સ્પર્ધા.